કેમ વીસરું પ્રેમ આ તારો, હૈયે દિવ્ય આનંદ પ્રગટાવ્યો,
ઓ પ્રાણપુરુષ તું અમારો, જીવનસાથી ભવભવનો... કેમ વીસરું.

તેં પ્રેમલ પંથ આ સરજ્યો, તોડન ફોડનથી અનેરો,
બસ ખેલો, કૂદો ને આનંદો, આજે મોજ આપી છે લૂંટો,
મૂર્તિમાં મન તમે રાખો, એ એક જ સાથ તેં માગ્યો,
ઓ પ્રાણપુરુષ તું અમારો, જીવનસાથી ભવભવનો... કેમ વીસરું.

તું ધર્મ નિયમથી પરનો, આગ્રહી સ્વતંત્રતાનો,
મનગમતી રીત અપનાવો, સત્તા સામર્થી ધરનારો,
તું અજોડ ધરતી પરનો, પ્રભુ માનવદેહે વિચરતો,
ઓ પ્રાણપુરુષ તું અમારો, જીવનસાથી ભવભવનો... કેમ વીસરું.

કલ્પનાતીત મહિમા તારો, માહાત્મ્ય તું સહુનું ગાતો,
આવા ભવ્ય અક્ષરમુક્તો, એની સેવાનો મળે ના લ્હાવો,
ગરજુ તું બની આનંદનો, રાખી સેવકભાવનો નાતો,
ઓ પ્રાણપુરુષ તું અમારો, જીવનસાથી ભવભવનો... કેમ વીસરું.